**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : નેહલ ઠક્કર**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 18-11-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## અમિત શાહ : રાજ્યની મુલાકાતે

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યની મુલાકાતે આવશે. શ્રી શાહ આવતીકાલે રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે યોજાનાર અખિલ ભારતીય પોલીસ સાયન્સ કોંગ્રેસના કાર્યક્રમમાં હાજરી આપશે.

આ ઉપરાંત તેઓ આવતીકાલે સાણંદ તાલુકાના શેલા ગામે સરોવરના સૌંદર્યકરણ અને સાર્વજનિક ઉદ્યાનનું નામાભિધાન કરશે. ગાંધીનગરના સંસદીય મતવિસ્તાર એવા ઘાટલોડિયા ખાતે શ્રી શાહ આજે નવા વર્ષ નિમિત્તે સ્નેહ મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

**RNU અમદાવાદ**

---

## આયુષ્યમાન કાર્ડ

નવા શરૂ કરાયેલા આયુષ્માન વય વંદનાકાર્ડ અંતર્ગત 70 થી વધુ વયના 10 લાખથી વધુ વરિષ્ઠ નાગરિકોની નોંધણી કરીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરાયું છે. આ કાર્ડ વૃદ્ધ નાગરિકોને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળમફત આરોગ્ય સંભાળના લાભો મેળવવા માટે સક્ષમ બનાવે છે.

આ કાર્ડ કોરોનરી એન્જીયોપ્લાસ્ટી, હિપફ્રેક્ચર અને રિપ્લેસમેન્ટ, પિત્તાશય દૂર કરવા, મોતિયાની સર્જરી, પ્રોસ્ટેટ રીસેક્શન અને સ્ટ્રોકવગેરે સહિતની બિમારીઓની શ્રેણીને આવરી લે છે. આ પગલાનો હેતુ સાડા ચાર કરોડ પરિવારોમાંથી અંદાજે 6 કરોડ વરિષ્ઠ નાગરિકોને લાભ આપવાનો છે. આ વય જૂથના તમામ વરિષ્ઠ નાગરિકોને યોજનાના લાભો મેળવવા માટે ABPM-JAY હેઠળ એક નવું અને અલગ કાર્ડ પ્રાપ્ત થશે અને લાયક વરિષ્ઠ નાગરિકોને હોસ્પિટલોમાં મફત આરોગ્ય સારવાર માટે વિશિષ્ટ ઍક્સેસ પ્રદાન કરશે.  આ કાર્ડ માટે આવકની કોઈ મર્યાદા નિશ્ચિત કરાઇ નથી.

**RNU અમદાવાદ**

---

## <u>રાષ્ટ્રીય સહકાર સપ્તાહ</u>

દેશભરમાં 14થી 20 નવેમ્બર દરમિયાન “રાષ્ટ્રીય સહકાર સપ્તાહ”ની ઉજવણી થઈ રહી છે. ત્યારે રાજ્યમાં દર ચોથો વ્યક્તિ

સહકારી મંડળીનો સભાસદ હોવાનું રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની યાદીમાં જણાવાયું છે. આ યાદી મુજબ, રાજ્યમાં અંદાજે એક કરોડ 71 લાખ સભાસદો સાથે 89 હજારથી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત્ છે. તેમજ ધિરાણ સુવિધા અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજે 48 લાખથી વધુ ખેડૂતોને સરકાર દ્વારા 3 હજાર 56 કરોડ રૂપિયાની વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે.

ઉપરાંત વર્ષ 2021થી 2024 દરમિયાન 559 ખેડૂતોને વખાર ગોડાઉન બનાવવા માટે 15 કરોડ રૂપિયાની સહાય અપાઈ છે. જ્યારે સહકારી મંડળીઓમાં નફામાંથી સભાસદોને ડિવિન્ડન્ડ 15 ટકાથી વધારીને 20 ટકા સુધી કરાયું છે. ઉપરાંત "કિસાન કલ્પવૃક્ષ યોજના" થકી વિવિધ બજાર સમિતિઓમાં ઓક્શન શેડ, વે-બ્રિજ, ખેડૂત પ્રદર્શન કેન્દ્ર, સી. સી. રોડ, ચોતરફની દિવાલ, શૉપ કમ ગૉડાઉન વગેરે માટે પણ સહાય અપાય છે તેમ યાદીમાં જણાવાયું છે.

**RNU અમદાવાદ**

---

## ગાંધીધામ-કેન્દ્રીય રાજ્યમંત્રી

કેન્દ્રિય સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્યમંત્રી રામદાસ આઠવલે આજે કચ્છની મુલાકાતે આવ્યા હતા. કેન્દ્રિય રાજ્યમંત્રીશ્રીએ ગાંધીધામ ખાતે જિલ્લા કલેક્ટર અમિત અરોરા, મદદનીશ કલેક્ટર, પૂર્વ

કચ્છ જિલ્લા પોલીસ અધિક્ષક સાગર બાગમાર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. કલેક્ટરશ્રીએ કચ્છની પ્રાથમિક વિગતો ઉપરાતં ભૂકંપ બાદ જિલ્લામાં ઉદ્યોગોનું આગમન અને નર્મદાના અવતરણથી આવેલા પરિવર્તનની માહિતી કેન્દ્રિય રાજ્યમંત્રીશ્રીને આપી હતી.

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે ઓછા વ્યાજદરે આર્થિક સહાય, સમાજ કલ્યાણની હોસ્ટેલ સુવિધા, કસ્તુરબા ગાંધી વિદ્યાલયો, આંતરજ્ઞાતિય લગ્ન સહાય અંગે જાણકારી મેળવીને કેન્દ્રિય રાજ્યમંત્રીશ્રીએ સમાજ કલ્યાણ વિભાગ કચ્છની કામગીરી બિરદાવી હતી.  સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સમગ્ર ટીમની કામગીરીની કેન્દ્રિય રાજ્યમંત્રીશ્રીએ સરાહના કરી હતી. કેન્દ્ર અને રાજ્યની અનુસૂચિત જાતિની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પાત્રતા ધરાવતા નાગરિકોને લાભ લેવા કેન્દ્રિય રાજ્યમંત્રી રામદાસ આઠવલે એ અનુરોધ કર્યો હતો.

માહિતી ખાતુ

---

## જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી-રોજગાર દિવસ

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છ દ્વારા મનરેગા યોજના અંતર્ગત કચ્છની 52 ગ્રામ પંચાયત ખાતે 'રોજગાર દિવસ'ની ઉજવણી કરવામાં

આવી હતી. આ ઉજવણી હેઠળ ગ્રામજનોને મનરેગા યોજનાની માહિતી, નવા જોબકાર્ડ, નવા વ્યક્તિગત કામોની માહિતી તથા ગામોમાં કરવાના થતાં સામૂહિક કામોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મનરેગા યોજનાના કામો બાબતે ગ્રામજનો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

માહિતી ખાતુ

---

## ગાંધીધામ-નાગરકોઇલ-સાપ્તાહિક ટ્રેન

રેલવેએ આ મહિના સુધીમાં નાગરકોઈલ-ગાંધીધામ-નાગરકોઈલ વીકલી એક્સપ્રેસના પરંપરાગત રેકને (લિંક-હોફમેન-બુશ) LHB રેકમાં રૂપાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. વધુમાં મળતી માહિતી મુજબ એલએચબી રેક મુસાફરોની આરામ અને સલામતીમાં વધારો કરશે. નાગરકોઇલ-ગાંધીધામ સાપ્તાહિક એક્સપ્રેસને આ કોચ 26 નવેમ્બરથી મળશે જ્યારે ગાંધીધામ-નાગરકોઇલ વીકલી એક્સપ્રેસ 29 નવેમ્બરથી મળશે.

**N.P. / નેહલ ઠક્કર**

---

## ભુજ-મિશન ખાખી

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં “બેટી બચાઓ, બેટી પઢાઓ” યોજના અમલીકરણ છે. જે અન્વયે  પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાની વિશેષ ઉપસ્થિતિમાં પોલીસ વિભાગની આગામી લોકરક્ષક દળ અને પોલીસ સબ ઇન્સ્પેકટર ભરતીની તૈયારી કરતી મહિલા ઉમેદવારને શારીરિક કસોટી અને લેખિત કસોટીનું સંપૂર્ણ માર્ગદર્શન એક જ સ્થળ પર મળી રહે તે હેતુથી મુક્ત જીવન સ્વામીબાપા મહિલા આર્ટસ એન કોમર્સ કોલેજ ભુજ ખાતે “મિશન ખાખી” સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------